નગર વિકાસ શ્રીનિધિ યોજના.

ગુજરાત સરકાર,

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

ઠરાવ ક્રમાંકઃમફબ/૧૧૨૦૦૫/૬૦૭૮/આર,

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ /૧૦/૨૦૦૬.

18 OCT 2006

વંચાણે લીધાં:-

(૧) શ.વિ અને શ.ગૃ.નિ.વિભાગનો ઠરાવ ક્રમાંકઃમફબ/૧૭૮૪/૧૨૯૪/હ તા.૧૯/૧૨/૧૯૮૪.

(૨) શ.વિ અને શ.ગૃ.નિ.વિભાગનો ઠરાવ ક્રમાંકઃયુડીએફ/૧૦૯૧/૧૫૫૦/(૯૪)/આર તા.૧૪/૮/૯૬.

(૩) શ.વિ અને શ.ગૃ.નિ.વિભાગનો ઠરાવ ક્રમાંકઃબીયુડી/૧૦૯૮/૨૫૧૧/યુપીસેલ તા.૨૮/૧૦/૯૮.

(૪) ગુ.મ્યુ.ફા.બોર્ડનો તા.૨૦/૯/૨૦૦૫ નો પત્ર ક્રમાંકઃ મફબ/લોન/૨૦૦૫/યોજના એકત્રીકરણ /૧૬૬૧૩.

આ મુ ખ :-

રાજયની મહાનગરપાલિકા/નગરપાલિકાઓ તેમના વિસ્તારના વિકાસના કામો હાથ ધરી શકે તે માટે સરકારશ્રીએ સંદર્ભ ક્રમાંકઃ(૧) થી (૩) ના ઠરાવથી રીવોલ્વીંગ ફંડ, શહેરી વિકાસ નિધિ તથા આંતર માળખાકીય સુવિધા માટે ફરતું ભંડોળની રચના કરેલ છે.

નગરપાલિકા/મહાનગરપાલિકાઓ આર્થિક રીતે સક્ષમ ન હોવા છતાં જુદી જુદી યોજનામાંથી લોન મેળવીને વધુ જવાબદારી ઉભી કરતી હોય છે. જે ધ્યાને લઇ ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ સંદર્ભ ક્રમાંકઃ(૪) થી લોન અંગેની યોજનાનાં એકત્રીકરણ માટે દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીના સક્રિય વિચારણા હેઠળ હતી. તેમજ વિભાગની સને ૨૦૦૬-૦૭ ની વાર્ષિક વિકાસ યોજનાની ચર્ચામાં વિભાગની લોન યોજનાઓ મર્જ કરવા અંગેની બાબત પણ વિચારણામાં લેવામાં આવેલ.

ઠ રા વ :-

રાજયની નગરપાલિકા/ મહાનગરપાલિકાઓ લોનની રકમનું યોગ્ય આયોજન કરી શકે અને શહેરી સ્થાનિક સંસ્થાઓ આર્થિક રીતે સક્ષમ ન હોવા છતાં જુદી જુદી યોજનામાંથી લોન મેળવીને વધુ જવાબદારી ઉભી ન કરે અને શહેરી વિકાસનો સરકારશ્રીનો લક્ષ્યાંક સિધ્ધ થઇ શકે તે માટે યુડીપી-૧૩ કોન્ટ્રીબ્યુશન અર્બન ડેવલપમેન્ટ, યુડીપી-૧૫ ઇન્સ્ટિટયુશન ફાઇનાન્સ ફોર મ્યુનિસિપલ કોર્પોરેશન તથા યુડીપી-૧૬ કીએશન ઓફ રીવોલ્વીંગ ફંડ ફોર અર્બનની યોજના એકબીજામાં ભેળવી નવી નગર વિકાસ શ્રીનિધિ યોજના, નીચેની શરતોએ અમલમાં મૂકવાનું આથી ઠરાવવામાં આવે છેઃ-

(૧) જાહેર સુવિધાના કામો જેવા કે, પાણી પુરવઠો, ગટર વ્યવસ્થા, જાહેર રસ્તા, જાહેર દિવાબત્તી, વરસાદી પાણીની ગટર, ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપનના કામો, રેઇન વોટર હાર્વેસ્ટીંગ, તળાવના વિકાસ, કોમ્યુનીટી હોલના કામો વગેરે.

(૨) વળતર મળી શકે તેવા કામો, જેવા કે શોપીંગ સેન્ટર, શાકભાજી, ફળફળાદી ફુલ બજાર, રીક્રીએશન પાર્ક, વોટર પાર્ક, સ્પોટર્સ કોમ્પ્લેક્ષ વિગેરે.

(૩) કોઇ યોજના માટે નગરપાલિકાને ભોગવવાની થતી સમાન ફાળાની રકમ પેટે,

(૪) નગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ વિકાસના કામના પ્રોજેકટની ગ્રાન્ટ સિવાયની બાકી અંદાજીત ખર્ચની રકમ મેળવવા માટે.

(૫) બીજ લોન ( સરકારશ્રીમાંથી કે બીજા જાહેર નિગમો કે બોર્ડ પાસેથી કોઇ ચોકકસ યોજનાં માટે / કામો માટે લોન અથવા ગ્રાન્ટ મંજૂર થયેલ હોય, પરંતુ તે લોન અથવા ગ્રાન્ટ મળવામાં વિલંબ થાય તેમ હોય અને કામો શરૂ કરવા જરૂરી હોય તો, ટૂંકા ગાળા માટે લોન આપવા.)

<u>લોનની રકમની મર્યાદાઃ-</u>

(૧) રૂા.૧૦૦ લાખની મહત્તમ મર્યાદામાં અથવા પ્રોજેકટ ખર્ચની રકમ, બે માંથી જે ઓછું હોય તે (પરંતુ શહેરી સ્થાનિક સંસ્થાની છેલ્લા પુરા થયેલ વર્ષની, કરની આવકના ૧૦ ગણી રકમની મર્યાદામાં)

(૨) ઉકત મહત્તમ રકમની મર્યાદા, સંબંધિત સ્થાનિક સંસ્થાને જુદી જુદી મંજૂર કરવામાં આવેલ લોનનો સરવાળો કરીને ગણતરીમાં લેવાની રહેશે. ( રૂા.૧૦૦ લાખની મર્યાદામાં મંજૂરી કરવામાં આવેલ મંજૂરી વિગેરે. )

(3) લોનનો પ્રથમ હપ્તો ૩૦ ટકા બીજો હપ્તો ૫૦ ટકા અને ત્રીજો હપ્તો ૨૦ ટકા પ્રમાણે ચૂકવવાનો રહેશે.

મહાનગરપાલિકા અને નગરપાલિકાઓને (મહાનગરપાલિકાના કિસ્સામાં વળતર મળી શકે તેવા પ્રોજેકટ માટે જ લોન મંજૂર કરી શકાશે.)

<u>વ્યાજનો દરઃ-</u>

વ્યાજનો દર વાર્ષિક ૫ ટકા, વ્યાજની ગણતરી, લોનની ચૂકવણીના માસથી શરૂ થશે. (લોન કોઇપણ તારીખે ચૂકવાયેલ હોય તો પણ, વ્યાજ પુરા માસનું ચૂકવવાનું રહેશે.) વ્યાજ, મુદ્દલ સાથે જ ભરવાનું રહેશે. નિયત મુદતે મુદ્દલ તથા વ્યાજની રકમ ભરપાઇ નહીં થાય તો ડયુ થતી મુદ્દલ તથા વ્યાજની રકમ પર એક ટકા દંડનીય વ્યાજ લાગુ પડે છે.

<u>પરત ચૂકવણીઃ-</u>

(૧) મોડીટોરીયમ પીરીયડ એક વર્ષનો રહેશે (લોનની ચૂકવણી તારીખથી)

(૨) લોનની પરત ચૂકવણી મોડીટોરીયમ પીરીયડ બાદ, દસ વર્ષમાં વાર્ષિક સરખા હપ્તામાં કરવાનો રહેશે.

(3) મોડીટોરીયમ પીરીયડ ફકત લોનના મુદ્દલ માટે જ લાગુ પડશે. વ્યાજની ગણતરી, લોન ચૂકવણીની તારીખથી વાર્ષિક ધોરણે કરવાની રહેશે.

(૪) બાકી લ્હેણાની વસુલાતમાં કોઇપણ પ્રકારની છુટછાટ મળી શકશે નહીં.

<u>કપાતની જોગવાઇઃ-</u>

(૧) શહેરી સ્થાનિક સંસ્થા લોન/ વ્યાજના હપ્તાઓ નિયમિત રીતે ભરવામાં કસુર કરે તો, ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ તરફથી ચૂકવાતી ગ્રાન્ટમાંથી લ્હેણાની કપાત કરવાની રહેશે. (આ ધિરાણ સરકારી લ્હેણું હોઇ, તેની કપાતમાં પ્રથમ અગ્રતા આપવાની રહેશે)

(૨) ઉપરોકત લ્હેણાની કપાત સ્થાનિક સંસ્થાને મળવાપાત્ર ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ સિવાયની ગ્રાન્ટમાંથી પણ કરી શકાશે.

(3) લ્હેણાની વસુલાત ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ મહેસૂલી રાહે પણ કરી/કરાવી શકશે.

(૪) મંજૂર થયેલ હેતુ સિવાય જો સ્થાનિક સંસ્થા આ લોનનો ઉપયોગ કરશે તો, લોન વ્યાજ સહિત પુરેપુરી એકજ હપ્તેથી વસુલ કરી શકાશે અને જો સ્થાનિક સંસ્થાઓ આ લોન ભરપાઇ નહીં કરે તો તેટલી લ્હેણાની

રકમ પુરેપુરી સંબંધિત સ્થાનિક સંસ્થાને મળપાત્ર ગ્રાન્ટમાંથી વસુલ કરવા કાર્યવાહી કરી શકાશે.

**યોજનાનું અમલીકરણઃ-**

(૧) સંબંધિત મહાનગરપાલિકા/નગરપાલિકાએ યોજનાના કામોનું અમલીકરણ કરવાનું રહેશે.

(૨) જિલ્લા કક્ષાએ તેનું મોનેટરીંગ, જિલ્લા શહેરી વિકાસ એજન્સી(ડુડા) એ કરવાનું રહેશે.

(૩) મંજૂર થયેલ કામો સંબંધિત સ્થાનિક સંસ્થાએ સરકારશ્રી તથા શહેરી સ્થાનિક સંસ્થાને લાગુ પડતા નિયમોને આધિન રહી ઓપન ટેન્ડર પધ્ધતિથી કરાવવાના રહેશે.

**લોનની રકમ કોને ફાળવવાની થાયઃ-**

(૧) મહાનગરપાલિકાના કિસ્સામાં સંબંધિત કમિશનરશ્રીના રાષ્ટ્રીયકૃત બેંક ખાતામાં,

(૨) નગરપાલિકાના કિસ્સામાં, પ્રમુખશ્રી/ વહીવટદારશ્રી તથા તાલુકા મામલતદારશ્રીના રાષ્ટ્રીયકૃત બેંક ખાતામાં,

**દરખાસ્ત બાબતઃ-**

(૧) સંબંધિત શહેરી સ્થાનિક સંસ્થાએ દરખાસ્ત નિયત નમૂનામાં જરૂરી સાધનિક કાગળો, પ્રમાણપત્રો, જનરલ બોર્ડના ઠરાવ વિગેરે સહિત ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડને મોકલવાની રહેશે.

(૨) ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ પ્રસ્તુત દરખાસ્તને નિયમોનુસાર વહીવટી મંજૂરી આપવાની રહેશે.

(૩) વહીવટી મંજૂરીની વિગતો, બોર્ડ સમક્ષ જાણ માટે રજૂ કરવાની રહેશે.

(૪) ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ દરખાસ્ત મંજૂર/નામંજૂર કરવાનો અધિકાર રહેશે.

**છૂટછાટ માટેની જોગવાઇઃ-**

(૧) આ ફંડના હેતુ સિવાયના હેતુ માટે સ્થાનિક સંસ્થા તરફથી દરખાસ્ત મળે તો, તે દરખાસ્ત સંજોગો તથા ગુણદોષોના આધારે, સરકારશ્રીની પૂર્વ મંજૂરી મેળવીને ખાસ કિસ્સા તરીકે લોન મંજૂર કરી શકાશે.

(૨) રૂા.૧૦૦ લાખની મહત્તમ મર્યાદાથી વધુ રકમની લોન, માટે સરકારશ્રીની પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે.

**ખાસ જોગવાઇઃ-**

(૧) શહેરી સ્થાનિક સંસ્થાઓ જે નાગરિક સેવા માટે નાણાં ઉછીના લેવા દરખાસ્ત કરેલ હોય, તે સેવા અંગેનું ખર્ચ, જેવું કે, વ્યાજ અને સેવા માટે સંચાલકીય ખર્ચ તેમજ સેવામાંથી, પ્રાપ્ત થાય તે રીતના સેવાના ચાર્જીસ સ્થાનિક સંસ્થાએ નક્કી કરવાના રહેશે.

(૨) સ્થાનિક સંસ્થાએ લોનની પરત ચૂકવણી માટે, તેમની આવકના ૨૫ ટકાથી વધુ રકમ ચૂકવવી ન પડે (લોનના હપ્તા વ્યાજ સહિત) તેની ગણતરી કરીને જ દરખાસ્ત કરવાની રહેશે.

(૩) સ્થાનિક સંસ્થાએ દરખાસ્ત હેઠળના કામોના અંદાજો એસ.ઓ.આર. મુજબ જ તૈયાર કરવાના રહેશે. જો કોઇ આઇટમમાં એસ.ઓ.આર. ના ભાવ ઉપલબ્ધ ન હોય તો, સ્થાનિક સંસ્થાએ તે અંગેનું પ્રમાણપત્ર રજૂ કરીને માર્કેટ રેટ મુજબના ભાવો લઇ શકશે.

(૪) દરખાસ્ત હેઠળના કામો માટે, લોન સિવાયના નાણાંની જરૂરીયાત રહેતી હોય તો નગરપાલિકાએ તે નાણાં માટેના આયોજનની વિગતો રજૂ કરવાની રહેશે.

(૫) દરખાસ્ત હેઠળના સૂચિત કામોની રૂપરેખા તથા માળખું તથા વિગતવાર અંદાજો તૈયાર કરવા માટે તથા આ કામો યોગ્ય રીતે પૂર્ણ થાય તો બાબતની સેવાઓ માટે, કન્સલટન્ટની સેવાઓ ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવેલ દરથી સ્થાનિક સંસ્થા લઇ શકશે. આ અંગેનો ખર્ચ સ્થાનિક

સંસ્થાએ અંદાજો પરના ૫ ટકા કન્ટીજન્સી ચાર્જીસમાંથી અથવા સ્વભંડોળમાંથી ભોગવવાનો રહેશે.

(૬) સ્થાનિક સંસ્થાએ લોનના હિસાબો યોગ્ય રીતે રાખવાના રહેશે અને તેનું મેળવણું (રીકન્સીલીએશન) નાણાકીય વર્ષના અંતે (માર્ચ અંતિત) ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ સાથે કરવાનું રહેશે.

(૭) નગરપાલિકાએ વહીવટી કાર્યક્ષમતા વધારવા તથા ખર્ચ ઘટાડી, કરકસર મુકત કામગીરી જેવા સુધારાત્મક પગલાં લેવાના રહેશે. અને લોનની રકમ નિયમિતપણે પરત ભરપાઇ કરશે તેને પ્રોત્સાહન સ્વરૂપે વ્યાજની રકમમાંથી ૧/૨ ટકો રાહત લોનનો આખરી હપ્તામાં આપવામાં આવશે.

<u>વધારાની જોગવાઇ:-</u>

(૧) આ યોજનાનો લાભ લેવા માંગણી સંસ્થાનો મહેકમ ખર્ચ ૪૫ ટકાની મર્યાદામાં હોવો જોઇએ.

(૨) સ્થાનિક સંસ્થાની કરવેરાની વસુલાતની ટકાવારી ૬૦ ટકા સુધીની હોવી જોઇશે.

(૩) યોજનાના ફંડનું સંચાલન ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ કરવાનું રહેશે. જરૂર પડે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના પરામર્શમાં રહીને આગળની કાર્યવાહી કરી શકાશે.

(૪) ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ ભંડોળના સંચાલન વિગેરે જેવી વહીવટી તથા નાણાકીય કામગીરી બજાવવા માટે, પ્રતિ વર્ષ સરકારશ્રી તરફથી બોર્ડની હવાલે આ ભંડોળ માટે મૂકવામાં આવતી ગ્રાન્ટમાંથી ૦.૨૫ ટકા લેખેની રકમ, વહીવટી ખર્ચ પેટે બોર્ડના વહીવટી ખર્ચના ભંડોળમાં તબદીલ કરી શકશે.

(૫) આ ભંડોળની વહીવટી તથા નાણાકીય સંચાલનની કામગીરી માટે, બોર્ડ કક્ષાએ, સરકારશ્રીના પ્રવર્તમાન ધોરણો મુજબના સ્ટાફની કન્સલટન્ટન્સીના ધોરણોથી સેવાઓ મેળવી શકાશે જે અંગેનો ખર્ચ બોર્ડ ઉપર મુજબ તબદીલ થતા ફંડમાંથી કરી શકાશે.

(૬) લોનની વસુલાત કે કપાતની રકમ, દંડનીય વ્યાજ, ત્યારબાદ ચડત વ્યાજ અને ત્યારબાદ ચડત મુદલના ક્રમમાં જમા કરવાની/આપવાની રહેશે.

(૭) સ્થાનિક સંસ્થાએ મંજૂર કરેલ કામો, લોનનો પ્રથમ હપ્તો મળ્યા તારીખથી બે વર્ષમાં પૂર્ણ કરવાના રહેશે.

(૮) સ્થાનિક સંસ્થાએ મંજૂર કરેલ કામ પૂર્ણ કર્યાનું કમ્પલીશન સર્ટીફીકેટ ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડને કામ પૂર્ણ થયેથી દિન-૧૫ માં મોકલવાનું રહેશે.

(૯) આ યોજનાની લોનની શરતોમાં જરૂરી ફેરફાર અથવા સુધારા વધારા કરવાની સત્તા રાજય સરકારશ્રીની રહેશે.

(૧૦) ઉપરોકત મૂળ ત્રણ યોજના પૈકી કોઇપણ યોજના હેઠળ જો કોઇ નગરપાલિકા/મહાનગરપાલિકાને લોન પેટે કોઇ રકમ ચૂકવવાની બાકી હોય તો તેવી રકમ મૂળ શરતોને આધીન રહી આ નિધિમાંથી ચૂકવી શકાશે.

(૧૧) આ ફંડમા વસુલ આવતી લોન, વ્યાજ તથા દંડનીય વ્યાજની રકમ સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે નહીં પરંતુ તે આ ભંડોળના ભાગ તરીકે જ ગણતરીમાં લઇ બોર્ડ હસ્તકના આ ભંડોળમાં જમા કરવાની રહેશે.

<u>પુનઃપાત્રતા:-</u>

(૧) રૂા.૧૦૦ લાખની મહત્તમ મર્યાદા જેટલી લોન ચૂકવાયેલ હોય તો, મુદ્દલની ૬૦ ટકા રકમની વસુલાત જમા થયેથી સ્થાનિક સંસ્થા પુનઃલોન મેળવવા માટે પાત્ર થશે.

(૨) પુનઃપાત્રતા માટે ઉપરની શરતમાં છૂટછાટ મેળવવી હશે તો રાજય સરકારશ્રીની પૂર્વ મંજૂરી સ્થાનિક સંસ્થાએ મેળવવાની રહેશે.

-- મર્જ થયેલ લોન યોજનામાંથી અગાઉ મંજૂર થયેલ લોનની બાકી વ્યાજ/મુદલની વસુલાત યુડીપી-૧૩

શહેરી વિકાસ નિધિ ખાતે જમા લેવાના રહેશે.

આ ઠરાવ આ વિભાગની ફા.નં.મફબ/૧૧૨૦૦૫/૬૯૭૮/(૫૭)/આર પર નાણા વિભાગની તા.૧૫/૬/૨૦૦૬ ની નોંધથી મળેલ સમંતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કે.એસ.દીવાન )
સેકશન અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

પ્રતિ,

(૧) ગુજરાતના નામદાર રાજયપાલશ્રીના સચિવશ્રી,
(૨) માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,
(૩) અંગત સચિવશ્રી, વિરોધપક્ષના નેતા ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
(૪) સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
(૫) અંગત સચિવશ્રી, મુખ્ય દંડકશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
(૬) બધાજ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
(૭) અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૮) સર્વે અધિકારી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૯) સર્વે જિલ્લા કલેકટશ્રીઓ,
(૧૦) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, હસ્તકના ખાતાના વડાઓ.
(૧૧) પ્રાદેશિક નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર.
(૧૨) મુખ્ય અધિકારીશ્રીઓ, સર્વે નગરપાલિકાઓ,
(૧૩) સર્વે મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ, તમામ મહાનગરપાલિકા.
(૧૪) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ઓડીટ-૧, અમદાવાદ.
(૧૫) એકાઉન્ટન્ટ જનરલશ્રી, (એકા. એન્ડ એન્ટા.) અમદાવાદ/રાજકોટ.
(૧૬) સર્વે તિજોરી અધિકારીશ્રીઓ,
(૧૭) પ્રમુખશ્રી, ગુજરાત નગરપાલિકા પરિષદ, ગાંધીનગર.
(૧૮) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, ગાંધીનગર.
(૧૯) માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
(૨૦) વિભાગની બજેટ શાખા,
(૨૧) વિભાગની અન્ય શાખાઓ,
(૨૨) શાખા પસંદગી
(૨૩) મદદનીશ પસંદગી ફાઇલ.